## **તા.૬ જાન્યુઆરી ૨૦૨૩ જ્ઞાનોત્સવ સમારોહ**

બીજા દિવસના આ જ્ઞાનોત્સવ સમારોહમાં ભરૂચ જિલ્લાના શિક્ષણ ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે **મા.શ્રી પ્રવિણસિંહ ડી. રણા** (પ્રમુખશ્રી,ભ.જિ.શાળા સંચાલક મંડળ), **શ્રી બી.આર.પટેલ** (મહામંત્રીશ્રી ભ.જિ.શાળા સંચાલક મંડળ), **શ્રી ઇકબાલભાઇ પટેલ** (મહામંત્રીશ્રી, ભ.જિ.આચાર્યસંઘ), **શ્રી રવિન્દ્રભાઇ પટેલ** (પ્રમુખશ્રી ભ.જિ.ઉ.મા.શિક્ષક સંઘ), **શ્રી કૃણાલભાઇ રાયાણી** (મહામંત્રીશ્રી, ભ.જિ.ઉ.મા. શિક્ષક સંઘ), **શ્રી કિરીટસિંહ મહીડા** (પ્રમુખશ્રી ભ.જિ.મા.શિક્ષક સંઘ), **શ્રી મુકેશભાઇ ટેલર** (મહામંત્રીશ્રી ભ.જિ.મા.શિક્ષક સંઘ), **શ્રી પુષ્કરસિંહ રણા** (પ્રમુખશ્રી બિનશૈક્ષણિક સંઘ), **શ્રી મનોજભાઇ રાણા** (પ્રમુખશ્રી નગર પ્રા.શિ. સંઘ), **શ્રી અશોકભાઇ બારોટ** (ન.પ્રા.શિ.સંઘ ઉપાધ્યક્ષ), **શ્રી સંજયભાઇ વસાવા** (ઇ.આચાર્ય પાયોનીયર હાઇસ્કૂલ ભરૂચ), **શ્રી મહેશભાઇ વસાવા** (કલાર્ક પાયોનીયર હાઇ.ભરૂચ), **શ્રી જગદીશભાઇ પરમાર** (પત્રકાર, સામાજિક અગ્રણી), **શ્રી રાજેન્દ્ર બી. ભટ્ટ** (પ્રમુખશ્રી, ભ.જિ. ઉ.મા. શિ. ક્રેડિટ સોસા.) **શાળાના ચેરમેનશ્રી હેમંતભાઇ પ્રજાપતિ** વગેરે એ દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકયો હતો. અલગ અલગ ઝોનમાં વિદ્યાર્થીઓના પ્રોજેકટને નિહાળ્યા હતા. પ્રશ્નોતરી કરી વિદ્યાર્થીઓના ઉત્સાહને વધાર્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનશ્રી પ્રવિણસિંહ રણાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતુ કે આ સંસ્થા સમાજના વિકાસ માટે હંમેશા પ્રયત્નશીલ રહે છે.શ્રી રવિન્દ્રભાઇ પટેલે બાળકોની પ્રશંસા કરતા જણાવ્યુ હતુ કે જે વિદ્યાર્થીઓ પરીક્ષામાં માત્ર પ્રશ્નોના જવાબ લખતા હતા તે બાળકો આજે પ્રશ્નો પૂછીને પ્રોજેકટ તૈયાર કરે છે. ભરૂચ નારાયણ વિદ્યાલયમાંથી આવા પ્રયત્નો દ્વારા અબ્દુલ કલામ જેવા મહાન વૈજ્ઞાનિકનું નિર્માણ ચોકકસ થશે. **શ્રી.બી.આર.પટેલ** સાહેબે જણાવતા કહ્યું હતું કે શિક્ષણ જગતમાં નારાયણ વિદ્યાલય દ્વારા યોજાયેલો આ કાર્યક્રમ ખૂબ જ અનેરો પ્રશંસનીય છે અને **શ્રી ઇકબાલભાઇ પટેલે** આ કાર્યક્રમને બિરદાવતા કહ્યું કે આ શાળાના શિક્ષકો તર્કવાળા, અર્કવાળા છે આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓની સુષુપ્તશકિતઓ બહાર આવે છે **શ્રી કિરીટસિંહ મહિડા**એ પોતાના ઉદ્‌બોધનમાં જણાવ્યુ હતુ કે આ કાર્યક્રમ થકી બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. શાળાને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સ્થાન મળે તે માટેની શુભેચ્છા પાઠવી હતી. **શ્રી અશોકભાઇ બારોટે** વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું હતું કે આજે આંગળીના ટેરવે બધી જ માહિતી છે પણ તમારા મગજમાં આવતા વિચારોને ડેવલપ કરવા આ પ્રોજેકટ પ્રદર્શન એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. પત્રકાર **શ્રી જગદીશભાઇ પરમારે** આ કાર્યક્રમની પ્રશંસા કરતા કહ્યું હતું કે આ શાળા બે પૂઠા વચ્ચેનો સિલેબસ જ નહિ પરંતુ જન્મથી મૃત્યુની વચ્ચે મોટા થઇ જીવન કેવી રીતે જીવવું તેના પાઠ પણ શીખવે છે.

આ પ્રોજેકટ પ્રદર્શનને નિહાળવા માટે શાળાના ટ્રસ્ટી આદરણીય **શ્રીમતિ મંજુલાબેન આર. પ્રજાપતિ** તથા **શ્રીમતિ મંદાબેન પ્રજાપતિ** પણ પધાર્યા હતા. નાના બાળકોનો નાટકીય અભિનય જોઇને, વૈવિધ્યપૂર્ણ કૃતિઓ નિહાળી આશ્ચર્યચકિત થઇ ગયા હતા. **મા. શ્રી રણછોડભાઇ શાહે** (ટ્રસ્ટીશ્રી, એમિટી સ્કૂલ,ભરૂચ) પણ પ્રદર્શનની મુલાકાત લઇ વિદ્યાર્થીઓની તલસ્પર્શી માહિતી અને નિર્ભિક રજૂઆતની પ્રશંસા કરી હતી સાથે વિષયોના વૈવિધ્યપણાથી આનંદિત થયાં હતાં અને સૌને અભિનંદન પાઠવ્યા હતા. મહિલા બેંકનાં મેનેજર **નિમેષભાઇ ઝવેરી** એ પણ પ્રદર્શનને માણ્યું હતું. સાંજના સેશનમાં નિવૃત્ત આચાર્ય અને નારાયણ નગરના ભૂતપૂર્વ પ્રમુખ **શ્રી કાશીભાઇ પટેલે** (નિવૃત્ત આચાર્ય) પ્રેરક ઉદ્‌બોધન કર્યું.













## શાળાનાં વાલીશ્રી જતીનભાઇ પરમારનું પ્રોજેકટ પ્રદર્શનનું વિચાર મંથન (પ્રતિભાવ)

**તા. ૮-૧-૨૩**

પરમ પૂજયશ્રી નારાયણ બાપુના સાનિધ્યમાં ભરૂચમાં આવેલા નારાયણ નગરમાં જ નારાયણ વિદ્યાલયમાં ત્રણ દિવસીય જ્ઞાનોત્સવ કાર્યક્રમ યોજાયો. વિવિધ વિષયોને આવરી લેતાં ૫૮૦ જેટલાં પ્રોજેકટનું પ્રદર્શન આ કાર્યક્રમ અંતર્ગત પ્રસ્તુત કરવામાં આવ્યું.

ખરેખર જ્ઞાનનાં ઉત્સવને મેં સતત બે દિવસ જાણ્યો અને માણ્યો. તે છતાં હું દરેક વિદ્યાર્થીઓ સુધી પહોંચી નથી શકયો. પરંતુ, દરેક કૃતિ ઉપર નજર ચોકકસ કરી છે. ત્રિમૂર્તિ હોલના મેદાનના પ્રવેશ દ્વાર ઉપર પૂજય નારાયણ બાપુની ધ્યાનકર્ષક છબી જોવા મળી. પવિત્રતા, સરળતા, સહજતા, પ્રેમ અને વહાલથી છલોછલ ભરેલા તેમના નયનોને નિહાળતો રહ્યો. ઘડીબર તમે એમની છબીને પણ જુઓ તો મન શાંત અને સ્થિર થઇ જાય. હૈયું સંતુષ્ટ થઇ જાય. એમના દર્શન કરીને અંદરની તરફ મારા મિત્ર જીજ્ઞેશ સાથે જ્ઞાન પ્રદર્શનનાં વિશ્વમાં પ્રવેશ કર્યો.

એમ કહેવું તદ્દન ખોટું ગણાશે કે અમે વિદ્યાર્થીઓ પાસેથી આ જ્ઞાનનાં ઉત્સવને માણ્યોં. મને તો એમ લાગ્યું કે ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, મનોવિજ્ઞાન, ફિઝિકસ, મેથ્સ, ભૂગોળ વિદ્યા તથા ભાષાના વિદ્વાન શિક્ષકો, પ્રોફેસરો કંઇક શીખવાડી રહ્યાં છે. દરરોજ ભણતાં આ વિદ્યાર્થીઓ આજે શિક્ષકો અને પ્રોફેસરો બની અમારી સાથે તેમનું જ્ઞાન વહેંચી રહયા હતા. એક આહલાદક અનુભવ સાથે આ કાર્યક્રમનો આનંદ માણ્યો. આ કાર્યક્રમના આયોજન થકી વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સાથોસાથ મુલાકાત લેનાર દરેકે દરેક માટે ખૂબ જ લાભદાયી નિવડશે એટલું હું પૂર્ણ વિશ્વાસ સાથે કહી શકું છું. નારાયણ વિદ્યાલય શાળા પરિવારનો હૃદયપૂર્વક આભાર પ્રગટ કરું છું. હું સારી રીતે સમજી શકું છું કે આ હદના કાર્યક્રમ કરવા માટે કેટલી ઉર્જા અને કેટલી સકારાત્મક શકિતઓની જરૂર પડે. આપની માનસિક અને શારીરિક ક્ષમતાઓને વંદન . આપ સૌના સહિયારા પ્રયત્નોએ કાર્યક્રમ સફળ બનાવ્યો છે. આવા જ પ્રયત્નો થકી આપણે વિદ્યાર્થીઓના રૂપમાં રહેલાં સર્જકો સુધી પહોંચી શકીએ છીએ. આ વિશ્વને સાચા સર્જકની શોધ કરવામાં મદદરૂપ થવા બદલ આ શાળાને મારા પ્રણામ.

**લિ. જતીન પરમાર (અભિગમ)**
**ભરૂચ**

---

**પંખીઓ કયાં ભણ્યાં હશે? કે એક જ હરોળમાં ઉડે છે,**
**માણસો કયાં ભણ્યા હશે? જે પાછળ વાળાને નડે છે,**
**પંખીઓ કયાં ભણ્યાં હશે? જે એક સાથે સહુ ઊંચે ચડે છે.**
**માણસો કયાં ભણ્યા હશે? જે આગળ વધતાને અચૂક નડે છે.**
**પંખીઓ કયાં ભણ્યાં હશે? જે માળામાં તણખલા જડે છે,**
**માણસો કયાં ભણ્યાં હશે? જે પરિવારને જ નડે છે.**
**પંખીઓ કયાં ભણ્યાં હશે? જે સાંજે એકમેકને મળે છે,**
**માણસો કયાં ભણ્યાં હશે?જે અડધી રાતે રખડે છે.**
**પંખીઓ કયાં ભણ્યાં હશે? જેમનું જીવન થડે થડે છે,**
**માણસો કયાં ભણ્યાં હશે? જે તરુવરને પણ નડે છે.**
**પંખીઓ કયાં ભણ્યાં હશે? જો સારસ મરે તો સારસી રડે છે,**
**માણસો કયાં ભણ્યાં હશે? જે મર્યા પછી પણ ભૂત થઇ નડે છે.**

### પુસ્તકાલય

**હે માનવ !**
**હવે છે ને તું જગતની દુન્યવી ચર્ચામાંથી જરા બહાર આવ,**
**ઉગ્રમનું હળવું કરવા પુસ્તકાલયમાંથી પુસ્તક વાંચવા લઇ આવ.**

**પુસ્તક જ તને સાચી સમજ અને યથાયોગ્ય માર્ગદર્શન આપશે,**
**તારામાંથી કાવા દાવા આચરનારા વિચારો ઉભી પૂંછડીએ ભાગશે.**

**વાંચનથી તારા અંતરમનમા ખરેખરી કરુણામય માનવતા જાગશે,**
**પુસ્તકના ઉત્કૃષ્ટને ઉત્તમને ઉત્તમ વિચારો નકકી જ જાત તારી સુધારશે.**

**તું ઉત્તમ પુસ્તકો વાંચી જ્ઞાન અનુભવ સદાકાળ મેળવતો થઇ જશે, પુસ્તકનું અમુલ્ય જ્ઞાન તું તારામાં પચાવને તારી જાતને બચાવ.**

**આપણ સુધાર્યા તો સમજ જગત સુધર્યું એ ખુદને તુ જ સમજાવ,**
**પહેલા જાત ઉપકાર પછી જ પરોપકાર વાત એ વિશ્વને બતાવ.**